Certificate

# C E R T I F I C A T E

Certified that the contents of this thesis comprise original research work of the candidate and have at no time been submitted for any other Degree.

Mahesh Champaklal Shah

**[SHAH MAHESH CHAMPAKLAL]**
CANDIDATE

**[ DR. LOVEKUMAR M. DESAI ]**
GUIDE

kalpana's

ઊભી કરી તેનો પણ સાક્ષી બન્યો છું.

છેલ્લા બે દાયકામાં અમદાવાદ, વડોદરા અને મુંબઈની વૈકલ્પિક રંગભૂમિએ ભજવેલા અનેક પ્રયોગાત્મક નાટકો જોવાની તક મળી છે. આ બધાં નાટકો વાંચતી વખતે અને મંચ ઉપર તેના પ્રયોગ નિહાળતી વખતે સતત પ્રતીતિ થતી રહી કે આ નાટકોનાં પ્રત અને પ્રયોગનું યોગ્ય મૂલ્યાંકન થવું જોઈએ. નવી ગુજરાતી રંગભૂમિની દિશા અને દશા બદલી નાંખનાર આ નાટકોનાં લેખન અને મંચનની ઉચિત સમીક્ષા થવી જોઈએ. કમનસીબે આપણે ત્યાં નાટ્યપ્રત અને નાટ્યપ્રયોગ ઉભયની સમીક્ષા આવરી લે તેવા પ્રકારનાં નાટ્યવિવેચનની પરંપરા ઊભી થઈ શકી નથી. નટ અને દિગ્દર્શક તરીકેના આટલા વર્ષોના અનુભવનું ભાથું ખપમાં લઈ આ દિશામાં નક્કર કામ કરવાની ઝંખના જાગી ને સન્ ૧૯૭૨ થી ૧૯૯૨ના ગાળા દરમ્યાન છપાયેલા અને ભજવાયેલા 'તિરાડ' થી 'મોજીલા મણિલાલ' પર્યંતના મૌલિક ગુજરાતી દીર્ઘનાટકોનાં પ્રત અને પ્રયોગનું, તેમાં પ્રયોજાયેલી વિવિધ નાટ્યપ્રયુક્તિઓની દૃષ્ટિએ મૂલ્યાંકન કરવાનો ઉદ્યમ આદર્યો જેના ફળસ્વરૂપે આ શોધનિબંધ લખાયો.

જેમના કુશળ માર્ગદર્શન અને ઝીણવટભર્યા આકલન હેઠળ આ શોધનિબંધ પૂર્ણ થયો તે મારા સાથી અને માર્ગદર્શક ડૉ. લવકુમાર મ. દેસાઈનો હું ઋણી છું. સંદર્ભસામગ્રી ઉપલબ્ધ કરી આપનાર સર્વશ્રી પ્રકાશ વેગડ, સુભાષ બ્રહ્મભટ્ટ, શશીકાન્ત નાણાવટી, જનક દવે તથા હસમુખ બારાડીનો અત્યંત આભારી છું. સૌ. પ્રજ્ઞાનો સાથ સહકાર કેમ ભૂલાય?

વિજયાદશમી, સંવત ૨૦૫૧

મહેશ ચંપકલાલ

kalpana's